

સેકટર-૨૨ના વસાહતીઓ સાફસફાઈ મુદ્દે સફાઈકર્મીઓ સાથે સંઘર્ષમાં ઉતર્યા હતા. કચરોવાળીને સફાઈકર્મીઓ જતા રહે છે. કચરાના ઢગલા ઉપાડતા નથી. જેને કારણે ગંદકી વધુ ફેલાય છે આ મુદ્દે વસાહતીઓ ઉગ્ર બન્યા છે.

# ગાંધીનગર અમદાવાદ વચ્ચે રાત્રિના સમયે દોડતી એસ.ટી.ની ૧૫ ટ્રીપો બંધ

**અમદાવાદમાં રાત્રિ કરફયુ અમલમાં મુકાતા એસ.ટી.એ બસ સેવા બંધ કરી : કોરોના કાળમાં આમ પણ એસ ટી ની સલામત સવારીમાં મુસાફરોની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો**

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા વધી રહી છે. આવા સંજોગોમાં નાગરિકો ખાનગી વાહનોનો ઉપયોગ કરવાનુ જ પસંદ કરી રહ્યા છે. ત્યારે ડેપોની બસ સેવાને અનુલક્ષીને પણ હજુ ૫૦ ટકા મુસાફરો જ સલામત સવારીનો લાભ લેતા હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે અમદાવાદમાં કરફયુ જારી કરી દેવાતા રાત્રિ દરમિયાન ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી એસ ટી ની બસ સેવા હાલ બંધ કરી દેવામાં આવી છે. જેમાં રાત્રિ કરફયુના લીધે ડેપોએ અમદાવાદ તરફની ૧૫ જેટલી ટ્રીપો બંધ કરી દીધી છે.

કોરોના કાળના પ્રારંભથી ગત માર્ચ મહીનામાં લોકડાઉન અપાયા બાદ એસ ટી ની સેવા હજુ પાટે ચઢી નથી અલબત્ત કોરોનાના સંક્રમણથી બચવા માટે નાગરિકો હજુ પણ જાહેર પરિવહનનો ઉપયોગ કરતા ખચકાય છે. કોરોનાના કેસ દિન પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે ગત જુલાઈ મહીનામાં જ એસ ટી બસ સેવા તબક્કાવાર શરૂ કરવામાં આવી હતી જયારે ધીમે ધીમે અસ ટી નિગમ દ્વારા તમામ રૂટોની બસ સેવા શરૂ કરી દીધી હતી જેમાં ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવા ઉપરાંત બહારગામના રૂટોની બસો પણ શરૂ કરી દેવામાં આવી હતી. જયારે હાલ પણ નગરના એસ ટી ડેપોમાંથી બસ સેવા રાબેતા મુજબ ચાલી રહી છે. ત્યારે છેલ્લા બે ત્રણ દિવસથી અમદાવાદમાં કરફયુ જાહેર કરાતા બસ સેવા બંધ રહી હતી જયારે હાલ પણ અમદાવાદમાં રાત્રિ કરફયુ જારી હોવાથી રાત્રિના ૯ થી સવારના ૬ કલાક સુધી બસ સેવા બંધ રાખવામાં આવી છે. અલબત્ત ગાંધીનગર ડેપોથી ઉપડતી રાત્રિની ટ્રીપો પણ હાલ બંધ છે. જેમાં રાત્રિના સમયે શહેરી બસ સેવા અન્વયે દોડતી ૧૫ જેટલી ટ્રીપો હાલ કરફયુના લીધે બંધ કરી દેવામાં આવી છે. કરફયુ હટાવી દેવાયા બાદ જ આ બસ સેવા શરૂ કરવામાં આવશે. દિવાળીના પર્વ દરમિયાન પણ એસ ટી બસમાં પ્રમાણમાં ભીડ જોવા મળી હતી જો કે સામાન્ય દિવસો કરતા હજુ ૫૦ ટકા ટ્રાફિક ઓછો મળતો હોવાની બુમ પણ ઉઠવા પામી છે. ત્યારે એસ ટી નિગમે પણ કોરોના ઈફેકટ વચ્ચે આવક ગુમાવાનો વારો આવ્યો છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લામાં આજે ૩૨ જેટલા બોન્ડેડ ડૉક્ટરો સરકારના આદેશ અંતર્ગત કલેક્ટર કચેરી ખાતે હાજર થયા હતા જેઓને હવે પછી વિગતવાર પોસ્ટીંગ આરોગ્ય કમિશનરની કચેરીએથી કરવામાં આવશે.
- ગાંધીનગર શહેર ભાજપના અગ્રણી પરમજીત કૌર છાબરા અને તેમના દિકરાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- ગાંધીનગર શહેરમાં અત્યાર સુધી મનપા તંત્ર દ્વારા ૪૫ હજારથી વધુ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વધુ બે કર્મયોગીઓ સંક્રમિત થયા છે. એક મહિલા કર્મચારી અને એક વર્ગ-૪ના કર્મચારી સંક્રમિત થયા છે.
- ગાંધીનગર શહેરમાં માસ્ક નહિ પહેરનાર સામે દંડનીય કાર્યવાહી મનપા દ્વારા હાથ ધરવામાં આવી છે. આજે મનપાએ ૪૦ હજાર જેટલો દંડ વસુલ્યો છે.
- આજે એક ઉપ-સચિવ સંવર્ગના અધિકારી કોરોનાની ઝપટમાં આવ્યાની વાતો સચિવાલય સંકુલમાં થતી સાંભળવા મળી હતી.
- દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ કોરોનાથી સંક્રમિત

# પશુધનને ઈયર ટેગીંગને બદલે માઈક્રો ચિપ્સ લગાવવા રિપોર્ટ તૈયાર કરો : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં પશુધનને ઈયર ટેગને બદલે માઈક્રો ચિપ્સ લગાવીને કામ કરી શકાય કે કેમ તે અંગેનો ડિટેઈલ પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવા જિલ્લા કલેકટરે જિલ્લા પશુપાલન વિભાગને સૂચન કર્યુ છે.

જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને આજે પશુધનના રસીકરણ આયોજન અંગે મળેલ બેઠકમાં ઈયર ટેગીંગ લગાવવાની કામગીરીમાં ગતિ લાવવા પર તેમણે ભાર મુક્યો હતો. તેમણે આ અંગેની ચર્ચા દરમ્યાન જ માઈક્રો ચિપ્સ મુકીને કામ ચલાવી શકાય કે કેમ? તે અંગે ડી.વી.આર. તૈયાર કરી રજુ કરવા જણાવ્યુ છે. આગામી ૧ માસમાં આ અંગેનો રિપોર્ટ તૈયાર કરી દેવામાં આવશે તેમ પશુપાલન શાખાના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે આજે નેશનલ એનીમલ ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત મળેલ આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર એચ.એમ. જાડેજા ઉપરાંત પશુપાલનના અધિકારીઓ હાજર રહ્યા હતા.

જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. એસ.આઈ. પટેલ આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં ખરવા-મોવાસા રોગ પ્રતિકારક રસીકરણ બાબતે જરૂરી રસીના જથ્થાની જાળવણી, તેના રસીકરણ માટે જરૂરી મેન પાવર તેમજ તેને આનુષંગિક તમામ બાબતોનો ચિતાર આપ્યો.

કલેકટરે હાજર તમામ તાલુકા નોડલ તેમજ જિલ્લા નોડલ અધિકારીઓની વિગતવાર પૃચ્છા કરી કામગીરીની સમીક્ષા કરી તથા આ કામગીરી સારૂ જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યુ.

કલેકટરે પશુઓને માઈક્રોચીપ લગાવીને કામ કરી શકાય કે કેમ ? તે બાબતે જરૂરી ખર્ચ અને વિગતવાર અહેવાલ તૈયાર કરવા જિલ્લા પશુપાલન અધિકારીને સૂચન કર્યુ જેથી આગામી સમયમાં તે બાબતે સમગ્ર જિલ્લામાં ગાય/ભેંસને માઈક્રો ચીપ લગાવીને રાજ્યમાં નવીન રાહ ચીંધી શકાય.

કલેકટર દ્વારા જિલ્લામાં કાર્યરત દૂધ સંઘના એમ.ડી./ગૌશાળા પાંજરાપોળના સંચાલક/મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીઓને આ કામગીરીને વેગ મળે તે સારૂ પ્રચાર પ્રસાર કરવા માટે પરિપત્ર દ્વારા જાણ કરવા સૂચન કર્યુ.

હાલમાં આ કામગીરી પશુપાલન ખાતાના કર્મચારીઓ દ્વારા ચાલી રહેલ છે. જેથી પશુપાલકોને અનુરોધ છે કે તેમના પશુઓને બાર કોડેડ ઈયર ટેગ લગાવી દે અને આવનાર પશુપાલન સ્ટાફને સહકાર આપવા ડૉ. એસ.આઈ. પટેલ જિલ્લા પશુપાલન અધિકારીએ અનુરોધ કર્યો.

ઈયર ટેટીંગ તે એક પ્રકારે પશુઓના આધાર કાર્ડ સમાન છે, જેમાં દરેક પશુને કાનમાં ઈઅર ટેગ લગાડી બાર કોડેડ યુનિક આઈડેટિફિકેશન આપી તેની ઓળખ, ઉંમર, વેતર, માલિકનું નામ, ગામ, મોબાઈલ નંબર વિગેરે વિગતો એનડીડીબીના આઈએનઆઈપીએચ (ઈંફર્મેશન નેટવર્ક ફોર અનિમલ પ્રોડક્ટીવીટી એન્ડ હેલ્થ કાર્યક્રમ) સોફટવેરમાં નોંધવામાં આવે છે.

## મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સૌજન્ય મુલાકાતે ઝિંદાલ ગ્રૂપના ચેરમેન સાજન ઝિંદાલ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સૌજન્ય શુભેચ્છા મુલાકાત ઝિંદાલ ગ્રૂપ- જે.એસ. ડબલ્યૂ.ના ચેરમેન સાજન ઝિંદાલે ગાંધીનગરમાં લીધી હતી. મુલાકાત દરમ્યાન મુખ્યમંત્રી સાથે ગુજરાતમાં ખાસ કરીને પોર્ટ સેક્ટર તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ક્ષેત્રમાં રોકાણો માટેની ઉત્સુક્તા દર્શાવી હતી. ઝિંદાલ ગ્રૂપ સ્ટીલ, પોર્ટ્સ, સિમેન્ટ માઈનીંગ, એનર્જી અને પેઈન્ટ્સ જેવા બહુવિધ ક્ષેત્રોમાં પોતાની વ્યવસાયિક તજજ્ઞતાથી વિશ્વખ્યાત છે. મુખ્મંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાતે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ તેમજ નવી ઉદ્યોગનીતિના માધ્યમથી રોકાણકારો-ઉદ્યોગકારોને આકર્ષિત કરવાની જે સફળતા મેળવી છે.




ગુજરાતના ધરતીપુત્રોના પ્રાણપ્રશ્નોને વાચા આપવા ધરતીપુત્ર કિસાન ટ્રસ્ટ દ્વારા ૩૦૦ કિમીની પદયાત્રા જલારામધામ, વીરપુરથી શરૂ થઈ હતી. ગાંધીનગર રાજભવન સુધી પહોંચેલી આ પદયાત્રા બાદ ખેડૂત અગ્રણી હરેશભાઈ પૂજારાએ આવેદનપત્ર પાઠવ્યું હતું અને ખેડૂતોના દેવા માફ કરવા, પાક વીમો ચૂકવવા સહિતના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. આ અવસરે રાષ્ટ્રીય અધ્યક્ષ મહેન્દ્રભાઈ પટેલ, ઉપાધ્યક્ષ ગજેન્દ્રસિંહ ઝાલા તેમજ નટુભાઈ પટેલ જેવા હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદમાં કરફ્યૂમાં લટાર મારવા નીકળનારા ૬૮૩ ની અટકાયત

એક તરફ કોરોના બેકાબુ બની રહ્યો છે. ત્યારે બીજી તરફ જનતા બેદરકાર બની રહી છે. સતત વધી રહેલા કોરોનાને લઈને સરકારે શુક્રવાર રાતથી લઈને આજે સવારે સોમવાર સુધી એટલે કે બે દિવસ અમદાવાદમાં કરફ્યૂ આપ્યો હતો. જેમા પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો કે કોઈ નિયમનો ભંગ ન કરે. પરંતુ કેટલાક એવા બેદરકાર લોકો જેમને પોતાના તો નહીં બીજાના જીવ પણ પડી નથી. કરફ્યૂ દરમિયાન અમદાવાદમાં પોલીસે ઘણા એવા લોકોની ધરપકડ કરી જે લોકોએ કરફ્યૂનો ભંગ કર્યો છે અને માસ્ક વગર બહાર નીકળ્યા હતા.

# ગાંધીનગર અક્ષરધામ ૩૦મી સુધી બંધ રહેશે

ગાંધીનગર,તા.૨૩

રાજ્યમાં કોરોનાની બીજી લહેર જોવા મળી રહી છે. ત્યારે રાજ્યમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે ગાંધીનગરનું અક્ષરધામ મંદિર ૩૦ નવેમ્બર સુધી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. કોરોના સંક્રમણની સ્થિતિને ધ્યાનમાં રાખીને તેમજ અમદાવાદમાં કરફ્યૂ નાખતા જ અક્ષરધામ મંદિર બંધ કરવામાં આવ્યું હતું. જો કે, આજથી અક્ષરધામ મંદિર શરૂ કરવામાં આવનાર હતું પરંતુ હવે ૩૦ નવેમ્બર સુધી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.



ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ૧ હજારથી વધુ કોરોના કેસ નોંધાઈ રહ્યાં છે. જેને લઈને રાજ્ય સરકાર દ્વારા અમદાવાદમાં ૫૭ કલાકનું કરફ્યૂ તેમજ અન્ય ત્રણ મહાનગરોમાં રાત્રી કરફ્યૂ જાહેર કર્યું હતું. અમદાવાદમાં કોરોના વાયરસનું સંક્રમણ વધતા ૨૦ નવેમ્બર રાતે ૯ વાગ્યાથી ૨૩ નવેમ્બર સવારે ૬ વાગ્યા સુધી કરફ્યૂ જાહેર કરવામાં આવ્યો હતો. જેને લઈને ગાંધીનગર અક્ષરધામ મંદિર દ્વારા દર્શનાર્થીઓની સલામતી જળવાય એ હેતુથી મંદિર બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. કોરોના સંક્રમણની પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષ્યમાં લેતા અને સરકારશ્રીએ લીધેલ સાવચેતીના પગલાને જોતા ગાંધીનગર સ્થિત અક્ષરધામ તા. ૩૦ નવેમ્બર ૨૦૨૦ સુધી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

# કોરોના પોઝિટિવ મૃતકોના અગ્નિસંસ્કારની સેવા આપતા શહેરના સાચા કોરોના વોરિયર્સ

**આઠ માસથી એક પણ રજા લીધા વગર કાર્યરત મુક્તિધામના સીએનજી ઓપરેટર્સ પ્રકાશ વાળા અને વિક્રમ પુરબિયા : છેલ્લા આઠ માસમાં ૫૯૮ કોરોના પોઝિટિવ મૃતકોના અગ્નિસંસ્કાર કર્યા**

ગાંધીનગર, તા.૨૩

કોરોના વાયરસે ચારેકોર કોહરામ મચાવ્યો છે અને ગાંધીનગરમાં પણ અનેક નાગરિકોને આ મહામારીએ પોતાનો કોળિયો બનાવ્યા છે. મુક્તિધામ ખાતે ગત તા. ૨૨મી માર્ચ પછી અત્યારે સુધીમાં કુલ ૫૯૮ કોરોના પોઝિટિવ દર્દીઓના મૃતદેહનો અંતિમ સંસ્કાર કરવામાં આવ્યો છે. આ મૃતકોને અગ્નિસંસ્કાર આપવા માટે છેલ્લા આઠ માસથી દિવસ રાત જોયા વગર અને એક પણ રજા લીધા વગર કોરોના કાળ દરમ્યાન સતત ફરજ બજાવી રહેલા ગાંધીનગર મુક્તિધામના સીએનજી ઓપરેટર્સ પ્રકાશ વાળા અને વિક્રમ પુરબિયા શહેરના સાચા અર્થમાં કોરોના વોરિયર્સ છે.

ગાંધીનગરમાં જયારથી કોરોના વાઈરસને પગલે લોકડાઉનની શરૂઆત થઈ ત્યારથી મુક્તિધામ ખાતે કાર્યરત બે સીએનજી ભઠ્ઠીમાં કોરોના પોઝિટિવ મૃતકોના અગ્નિસંસ્કાર કરવામાં આવી રહ્યા છે. આ અગ્નિ સંસ્કાર માટે આરોગ્ય વિભાગ દ્વારા નિર્દેશિત ગાઈડલાઈનનું પાલન કરવું ખૂબ જરૂરી હોય છે જે અનુસાર મૃતદેહોને અગ્નિસંસ્કાર કરવાની પ્રક્રિયામાં મુક્તિધામના બે કર્મચારીઓ પ્રકાશ વાળા અને વિક્રમ પુરબિયા દ્વારા દિવસ-રાત જોયા વગર સતત પ્રસંશનીય સેવાઓ આપવામાં આવી રહી છે. ગાંધીનગરના મુક્તિધામ ખાતે જિલ્લાના અનેક સ્થળેથી અગ્નિસંસ્કાર માટે મૃતદેહો આવે છે. આ સમયે મુક્તિધામના સંચાલક જીલુભા ધાંધલના જણાવ્યા અનુસાર "છેલ્લા ૧૦ દિવસમાં મૃતદેહોની સંખ્યા વધી જવા પામી છે, બંને કર્મચારીઓ છેલ્લા આઠ માસથી સતત એક પણ રજા લીધા વગર તેમની સેવાઓ આપી રહ્યા છે જેમાં અનેકવાર મોડી રાત્રિએ કે પરોઢિયે પણ અગ્નિસંસ્કાર કરવા પડ્યા છે તેમજ ક્યારેક સીએનજીમાં ખામી સર્જાઈ હોય તો આરોગ્ય વિભાગની મંજૂરી લઈને લાકડાંમાં પણ અગ્નિસંસ્કારની પ્રક્રિયા કરવી પડી છે જેમાં પણ આ કર્મચારીઓએ પાછીપાની કરી નથી. આ બંને કર્મચારીઓએ આરોગ્ય વિભાગ દ્વારા જરૂરી નિર્દેશોનું સતત પાલન કરીને કોરોના પોઝિટિવ મૃતકોના અગ્નિસંસ્કાર કરવા સાથે ડાઘુઓ દ્વારા પણ સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિર્દેશોનું પાલન તેમજ અગ્નિ સંસ્કાર બાદ સ્થળની સેનેટાઈઝેશન કરવા સહિતની કાળજી પણ રાખી છે. મુક્તિધામ ખાતે અગ્નિ સંસ્કાર આપવામાં આવેલા છેલ્લા ૨૫ મૃતકો પૈકી ૧૭ મૃતકો કોરોના પોઝિટિવ હતા, આમ અનેકવાર ઉપરાછાપરી મૃતદેહો આવ્યા હોય તો પણ આ કર્મચારીઓએ તેમની ફરજ સુપેરે નિભાવી રહ્યા છે જે એક અત્યંત પ્રસંશનીય બાબત છે અને તેઓ સાચા અર્થમાં કોરોના વોરિયર તરીકે કામ કરી રહ્યા છે."


જીલુભાએ વધુમાં જણાવ્યુ હતું કે 'મુક્તિધામ ખાતે કુલ ૨૨ કર્મચારીઓ છે જે પૈકી બે મેનેજર સિવાય બાકીના તમામ સહિત પ્રકાશ વાળા અને વિક્રમ પુરબિયા બંને મુક્તિધમામ ખાતે સ્ટાફ ક્વાર્ટર્સમાં જ રહે છે અને બંનેના ધર્મપત્નીઓ પણ મુક્તિધામ ખાતે સફાઈ કર્મચારી તરીકે કાર્યરત છે. આ કર્મચારીઓ કોન્ટ્રાક્ટ બેઝ કર્મચારી હોવાથી ફિક્સ પગારથી કામ કરી રહ્યા છે અને તેમને કોઈ પણ પ્રકારનો ઓવરટાઈમ કે અન્ય ભથ્થાંનો લાભ મળતો ના હોવા છતાં તેઓ હમેશા ૨૪ કલાક પોતાના જીવના જોખમે પણ પોતાની ફરજ બજાવવા તૈયાર રહ્યા છે.'

# કોરોના કાળમાં લોકોના બેજવાબદાર વલણને સુધારવાનું કે તેને સકારાત્મક દિશામાં વાળવાનું કામ મીડિયા બખૂબી કરી શકે છે : ડો. સેસિલ પરમાર

**જવાબદારી, જાણકારી, જીજ્ઞાસા, જહેમત અને જનૂનના પાંચ 'જ' મંત્રને ધ્યાનમાં રાખવાથી અખબારી લેખનની ગહનતા અને વાંચન વિશાળતા વધશે : પુલકભાઇ ત્રિવેદી**

ગાંધીનગર, તા. ૨૩

'પ્રેસ ડે'ના ઉપક્રમે પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ અને પ્રેસ અકાદમી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે આજે એક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. 'કોવિડ કાળમાં મીડિયાની ભૂમિકા અને મીડિયા પર તેની અસરો' પર તજજ્ઞ વક્તાઓ દ્વારા રસપ્રદ વાર્તાલાપ આ વેબિનારમાં કરવામાં આવ્યો હતો.



વર્ષ-૧૯૬૬માં પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની સ્થાપના થઈ હતી. તેની સ્થાપનાના ઉપલક્ષ્યમાં પ્રતિવર્ષ 'પ્રેસ ડે'નું આયોજન દેશભરમાં કરવામાં આવે છે. પ્રતિવર્ષ સેમિનારનું આયોજન કોઈ હોલ કે જાહેર જગ્યા પર પત્રકાર કે પત્રકારત્વના વિદ્યાર્થીઓને એક જગ્યા પર એકત્ર કરીને કરવામાં આવે છે. પરંતુ વર્તમાન કોરોનાની સ્થિતિમાં સોશિયલ ડીસ્ટન્સિંગ જળવાય તથા એકસાથે વધુ લોકોને સાંકળી શકાય તેવા ઉદ્દેશથી ટેકનોલોજીના સમન્વયથી વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર સિવિલના ડો. સેસિલ પરમાર કે જેમણે કોરોનામાં મેડિસિનના કોમ્બિનેશનનો પ્રયોગ કર્યો હતો તેમણે કહ્યું કે કોરોના ફેફસાં, કીડની અને હાથ-પગની નસોને પણ નુકસાન કરે છે. ત્યારે લોકો કોરોનાને ગંભીતાથી લે તે જરૂરી છે.

તેમણે કહ્યું કે કોરોના ગંભીર છે, તેના કરતા લોકોની બેજવાબદારી કે બેજવાબદાર પૂર્વકનું વલણ વધુ જવાબદાર છે. આવા વલણોને સુધારવાનું કે તેની કે તેને સકારાત્મક દિશામાં વાળવાનું કામ મીડિયા બખૂબી કરી શકે છે. લોકો પાસે સંસાધનોની માહિતી પહોંચે તો લોકોની માનસિક તાણમાં પણ ઘટાડો થશે.

જવાબદારીપૂર્વકના અખબારી લેખન વખતે જો જવાબદારી, જાણકારી, જીજ્ઞાશા, જહેમત અને જનૂનનું ધ્યાન રાખવામાં આવે તો લખાણની ગહનતા અને ઊંડાણ વધવા સાથે વાંચનની વિશાળતા પણ ચોક્કસ વધી જાય છે તેમ પાંચ 'જ' નો મંત્ર આપતા તેમણે કહ્યું કે, પત્રકાર તરીકે સામાન્ય માણસ કરતા વધુ સજ્જતા, સમાજ માટેની સંવેદનશીલતા, ખંતથી મહેનત સાથેની વિશ્લેષણયુક્ત માહિતીથી લોકોને વધુ જાગૃત કરવા માટે પત્રકારોની કોરોનાના આ સમયગાળામાં ખૂબ જરૂર છે.

આ સમયગાળામાં પત્રકારત્વ જગત સાથે માહિતી ખાતાના કર્મયોગીઓએ પણ પોતાની જાતની પરવા કર્યા સિવાય જે કામથી કર્મયોગ કર્યો છે કે તેની તેમણે સરાહના કરી હતી. વરિષ્ઠ પત્રકાર ભાર્ગવભાઈ ત્રિવેદીએ કોરોનાના કાળમાં માહિતી ખાતા તરફથી કોરોના તથા કોરોનાની કાળજી માટે અઢળક સ્ટોરી થઈ છે. મીડિયાએ પણ તેના આધારે અનેક સ્ટોરી આગળ ધપાવી છે.

## પતિએ બીજા લગ્ન કરતા મહિલાએ ૧૮૧ હેલ્પલાઈનની મદદ લીધી

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગર શહેરની ૧૮૧ અભયમ ટીમને મદદ માટે એક મહિલાનો કોલ આવ્યો હતો.જેને અનુલક્ષી ટીમના કાઉન્સેલર અને કોન્સ્ટેબલ તાત્કાલીક માણસા પંથકના એક ગામમાં ગયા હતા. ત્યાં જઈને મહિલાનું કાઉન્સેલીંગ કરતા મહિલાએ પોતાની વ્યથા કહી હતી. જેમાં મહિલા ડીલીવરી બાદ નૈવેધ માટે સાસરીમાં આવ્યા હતા. ત્યારે પતિ ઘરમાં અન્ય સ્ત્રી સાથે જોવા મળ્યો હતો. મહિલાએ પતિને પુછતા તેણે નફફટાઈપૂર્વક બીજા લગ્ન કર્યા હોવાનું જણાવ્યું હતું.તો બીજીતરફ મહિલાના સાસુ અને સસરાએ પણ તેમના દિકરાનો સાથ આપી મહિલા સાથે ખરાબ વર્તન કર્યું હતું. જેથી મહિલા પિયરમાં આવી ગઈ હતી અને ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઈનની મદદ મેળવી હતી. અભયમની ટીમે મહિલાના પતિનું કાઉન્સેલીંગ કરતા જાણવા મળ્યું હતુ કે તેણે જે મહિલા સાથે લગ્ન કર્યા છે તે બંને મામા-ફોઈના સંતાન થાય છે. જો કે મહિલાનો પતિ બીજી સ્ત્રીને છોડવા માટે તૈયાર ન હતો. જેથી બીજી સ્ત્રી સાથે ટીમે વાત કરતા તેણે જણાવ્યું કે તેના પતિના મૃત્યુ બાદ તેને ફોઈના જ છોકરા સાથે લગ્ન કર્યા છે. મહિલાના સાસુ-સસરા પણ જવાબદારી લેવા માટે તૈયાર ન હોવાથી તમામને કાયદા અને સજા અંગે સમજણ અપાઈ હતી.તેમ છતા મહિલાનો પતિ માન્યો ન હતો.

# મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીની મુલાકાતે ફિલ્મ અભિનેતા વિવેક ઓબેરોય

**JEE-IIIT જેવી પરીક્ષાનું ડિઝીટલ માધ્યમથી રાજ્યમાં અંતરિયાળ-ગ્રામીણ વિસ્તારોના યુવાનો સુધી કોચિંગ આપવા રાજ્ય સરકાર સાથે સહભાગી થવા ઇચ્છા દર્શાવી**

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની શુભેચ્છા મુલાકાત હિન્દી ચલચિત્ર જગતના અભિનેતા વિવેક ઓબેરોયે ગાંધીનગરમાં લીધી હતી.





મુખ્યમંત્રી સાથે વિવેક ઓબેરોયે ખાસ કરીને સ્ટાર્ટઅપ ઈનોવેશન સેક્ટરમાં સ્વર્ણિમ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના માધ્યમથી દિવ્યાંગો માટે પણ સ્ટાર્ટઅપ ઈનોવેશન એજ્યુકેશન સિસ્ટમ પ્રભાવક રીતે કાર્યરત કરવા અંગે વિશદ પરામર્શ કર્યો હતો.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ દિવ્યાંગ વ્યક્તિઓના સ્ટાર્ટઅપ-ઈનોવેશનને છેક ગ્રામિણ અંતરિયાળ વિસ્તાર સુધી યોગ્ય દિશા મળે તે માટેના તેમના પ્રયાસમાં રાજ્ય સરકાર યોગ્ય સહયોગ આપશે તેમ જણાયું હતું.

વિવેક ઓબેરોયે ગુજરાતમાં યુવા વિદ્યાર્થીઓને JEE-IIIT જેવી પરીક્ષાઓના કોચિંગ માટે રાજ્ય બહાર જવું ન પડે તે હેતુથી ડિઝિટલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા રાજ્ય આંતરિયાળ-ગ્રામિણ વિસ્તારોના યુવાનો સુધી કોચિંગ સુવિધા આપવા રાજ્ય સરકાર સાથે સહભાગી થવા ઈચ્છા દર્શાવી હતી. મુખ્યમંત્રીએ તેમને આઈ ક્રિએટ સહિત સ્ટાર્ટઅપ ઈક્યુબેશન માટેની મુલાકાત કરવા પણ આ બેઠકમાં સૂચવ્યું હતું.

## ભોજવા ગામે અજાણ્યા વાહને મહિલાને અડફેટે લેતા ઘટનાસ્થળે જ મોત

અમદાવાદ,તા.૨૩

વિરમગામ માંડલ હાઈવે પર ભોજવા ગામ પાસે એક મહિલા અજાણ્યા વાહનની અડફેટે આવતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં મહિલાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

વિરમગામ અલીગઢમાં રહેતા માસુમાબેન ત્રિપદા સ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. તેઓ સવારે માસ્ટ્રો પર જઈ રહ્યા હતા, ત્યારે અજાણ્યા વાહન ચાલકે પાછળથી ટક્કર મારતાં તેમનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું.

**અમદાવાદ જિલ્લા પંચાયત**
**સિંચાઈ વિભાગ**
**ઓનલાઈન જાહેર નિવિદા નં. ૫/૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, જિલ્લા પંચાયત, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ફોન નં. ૦૭૯-૨૫૫૦૮૬૮૬ની કચેરી મારફતે ઓનલાઈન ઈ-ટેન્ડરીંગથી ગાંધીનગર જિલ્લામાં સબ. મોટર/પંપ રીપેરીંગ વર્કશોપ ધરાવતી એજન્સીઓ પાસેથી માણસા તથા કલોલ તાલુકાના વિવિધ સિંચાઈ ટ્યુબવેલના મરામતના અને રીપેરીંગની કામગીરીના વાર્ષિક ભાવો મંગાવવામાં આવે છે. ઈ-ટેન્ડરીંગની વિગતો અત્રેની કચેરીએથી તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com પર તા. ૦૭/૧૨/૨૦૨૦ સુધી જોવા મળશે તથા ઓનલાઈન ટેન્ડર http:// www.nwr.nprocure.com પર ટેન્ડર ડાઉનલોડ તથા સબમીશન થઈ શકશે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૯૯૦/૨૦૨૦